# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-04-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-સિવિલ સર્વિસ ડે:

પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં 17મા સિવિલ સેવા દિવસ પર સિવિલ સેવકોને સંબોધિત કરશે. શ્રી મોદી 16 અધિકારીઓને જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો પણ એનાયત કરશે. આ પુરસ્કારો જિલ્લાઓના સર્વાંગી વિકાસ, મહત્વાકાંક્ષી બ્લોક કાર્યક્રમ અને નવીનતાની શ્રેણીઓમાં આપવામાં આવશે.

----------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી -નવસારી:

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે નવસારી મહાનગરપાલિકાના 32 કરોડથી વધુ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું કે “વિકાસ એ નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ છે.

શ્રી સી. આર. પાટીલે ચોમાસામાં વહી જતા પાણીનો સંગ્રહ કરવા ટકોર કરી હતી. રેઇન વોટર હાર્વેસ્ટિંગ અર્થાત્ વરસાદી પાણીના સંગ્રહ ભવિષ્યની પેઢી માટે તો પાણીની બચત જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

----------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી-રાજકોટ:

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં બે દિવસમાં અંદાજે ૫૦ કરોડ રૂપિયાથી વધુ વિકાસકામોના શિલાન્યાસ-લોકાર્પણ

થયા છે, જે દર્શાવે છે કે ઉપલેટા–ધોરાજી વિસ્તાર પ્રગતિના પંથે છે. આ કાર્યક્રમ અગાઉ ગઈકાલે સવારે તેમણે રાજકોટના ભાયાવદર ખાતે સન્ડે ઑન સાઈકલીંગ કાર્યક્રમ અંતર્ગત સાઈકલ ચલાવી. શ્રી માંડવિયાએ તંદુરસ્તી માટે સાયકલ ચલાવવા માટે સૌને અપીલ કરી હતી.

---

## RBI-ગવર્નર:

દેશના વિદેશી વિનિમય બજારમાં છેલ્લા ચાર વર્ષમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. 2020 માં 32 બિલિયન ડોલરથી લગભગ બમણું થઈને 2024 માં 60 બિલિયન ડોલર થયું છે.

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ બાલીમાં આયોજિત એક પરીષદમાં આ માહિતી આપી. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના નાણાકીય બજારો વધુ ગતિશીલ અને લવચીક બન્યા છે. દૈનિક ટર્નઓવર 2020 માં લગભગ 3 લાખ કરોડ રૂપિયાથી વધીને 2024 માં 5.40 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.

---

## કચ્છ-BSF-શંકાસ્પદ વ્યક્તિ:

કચ્છના વાગડ વિસ્તારમાં સીમા સુરક્ષા દળ દ્વારા એક શંકાસ્પદ વ્યક્તિને પકડવામાં આવી છે. બાલાસર પોલીસ મથક વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક જીરો લાઇન પર આવેલા પીલર નંબર 992 પાસેથી આ શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ પકડાયેલો વ્યક્તિની ઓળખ સમીર સમશેર અંસારી તરીકે થઈ છે, જે બિહારના મુજફ્ફરનગર જિલ્લાના દામોદરપુર ગામનો રહેવાસી છે. તેની પાસેથી આધાર કાર્ડ અને અન્ય વસ્તુઓ મળી આવી છે. બાલાસર પોલીસ, એસઓજી, સુરક્ષા એજન્સીઓ અને IB દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

---

## આકાશવાણી ભુજ-50 વર્ષ પુર્ણ :

આકાશ વાણી ભુજ કેન્દ્રના હાલના કાર્યરત બિલ્ડિંગને આજે 50 વર્ષ પુર્ણ થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે , આકાશવાણી ભુજ કેન્દ્રની પ્રસારણ સેવાનો પ્રારંભ તારીખ 2જી ઓક્ટોમ્બર 1965ના થયો હતો. જયારે ઉદ્ઘાટન તારીખ 10 ઓક્ટોમ્બર 1965ના થયુ હતું. તારીખ 21 એપ્રિલ 1975ના આકાશવાણી ભુજનો હાલના જીલ્લા મથક ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ નજીક આવેલા બિલ્ડીંગમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

---

## કચ્છ-હાજીપીર મેળો-જાહેરનામા:

આગામી તા.૨૬ થી તા.૨૮ એપ્રિલ દરમિયાન કચ્છની કોમી એકતાના પ્રતિક હાજીપીર તથા આમારા ગામ નજીક કરોલપીરનો મેળો (ઉર્ષ) યોજાશે. આ મેળા દરમિયાન જિલ્લા બહારથી આવતા શ્રદ્ધાળુઓ તથા પદયાત્રીઓને માર્ગમાં કોઇ અડચણ કે મુશ્કેિલીઓ ઉભી ન થાય તે આશયથી તથા ટ્રાફિક નિયંત્રણ માટે ભારે વાહનો માટે અવરજવર નિયમન, મેળામાં શંકાસ્પદ વસ્તુઓ ન લઈ જવા અંગે તેમજ પદયાત્રીઓની સુવિધા માટેના કેમ્પના સંચાલકો માટે જરૂરી માર્ગ દર્શિકા અંગે જિલ્લાિ મેજિસ્ટ્રે ટ,કચ્છર દ્વારા જાહેરનામા બહાર પડાયા છે.

---

## રાજ્ય-હવામાન:

આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન રાજ્યમા ગરમીનું પ્રમાણ ઘટવાની હવામાન વિભાગે આગાહી કરી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આગામી 22 થી 24 એપ્રિલ દરમિયાન મહતમ તાપમાન 38 થી 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

તારીખ 22 થી 24 એપ્રિલ દરમિયાન રાજ્યના દરિયાઈ કિનારાના જિલ્લામાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેતા પ્રતિકૂળ સ્થિતિ જોવા મળશે.

ગઈકાલે રાજ્યમાં અમદાવાદ, અમરેલી, રાજકોટ અને ગાંધીનગર ખાતે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે કંડલા એરપોર્ટ, કેશોદ અને ડીસા ખાતે મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું

---------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-આઈ.પી.એલ:

ઈન્ડીયન પ્રિમિયરલીગ આઈપીએલ-2025 ટી-20 ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે મોહાલી ખાતે રોયલ ચેલેન્ઝર્સ બેંગલુરૂની ટીમે કિંગ્સ ઈલેવન પંજાબને પરાજીત કરી હતી. જયારે અન્ય એક મેચમાં મુંબઈ ઈન્ડીયન્સ ઈલેવને ચેન્નાઈ સુપર કિંગ્સ ઈલેવનને પરાજીત કરી હતી.આજે ગુજરાત ટાઈટન્સ ઈલેવન અને કોલકત્તા નાઈટરાઈર્ડસ વચ્ચે મેચ રમાશે.મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---------------------------------------------------------------------------------------------------